# શ્રીગુરુની શિખામણોની ગહનતા

## મારા જીવનને પ્રકાશિત કરતી મશાલ

### જય સાયબર્ટ દ્વારા લિખિત

શિયાળાની ઋતુ દરમ્યાન કેટસ્કિલ પર્વતમાળા પર થતી હિમવર્ષા ખૂબ જ રમણીય હોય છે. દરેક હિમકણ અનોખો હોય છે. હવામાં હિમકણોનું નૃત્ય મંત્રમુગ્ધ કરી દે તેવું હોય છે. બરફ જે સુંદરતાથી ધરતીને આચ્છાદિત કરે છે અને તેનાથી ઢંકાયેલી દરેક વસ્તુનો આકાર લઈ લે છે, તે ખૂબ જ મનમોહક હોય છે. નિઃસંદેહ, શિયાળાની ઋતુ ધ્યાન અને આધ્યાત્મિક રિટ્રીટ માટે ખૂબ જ અનુકૂળ સમય હોય છે.

જોકે બરફ વિશે બધી વાતો ખૂબ જ જાદુઈ હોય છે, પરંતુ એવી જગ્યાઓ પર જ્યાં લોકો રહે છે અને હરેફરે છે, ત્યાં રસ્તાઓ પર પડેલા બરફને હટાવવો *જરૂરી* છે, ત્યાંથી બરફના ઢગલાઓને પાવડાથી ઉપાડવા જરૂરી છે, બારી-બારણાંઓ પર જામેલા બરફને કાઢવો *જરૂરી* છે. તેથી, શિયાળા દરમ્યાન શ્રી મુક્તાનંદ આશ્રમમાં એક મુખ્ય સેવાકાર્ય હોય છે, બરફને હટાવવો.

હું એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં એક સ્ટાફ-સદસ્ય છું અને હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારી સેવામાં વિભિન્ન પ્રકારનાં સેવાકાર્યોનો સમાવેશ છે. (તેનાથી વિપરીત, મારા મોટાભાગનાં સહ-સેવાકર્તાઓને તેમનાં નિર્ધારિત સેવાક્ષેત્રોમાં ખૂબ વિશિષ્ટ સેવાકાર્યો કરવાનાં હોય છે.) ક્યારેક મને તળાવ પાસે જઈને તેની દેખરેખ રાખવાનો અવસર મળે છે. ક્યારેક મને પરસાળની સફાઈ કરવાનો અવસર મળે છે. ક્યારેક મને વૃક્ષોની કાપણી કરનારાઓનાં કામનું નિરીક્ષણ કરવાનો અવસર મળે છે. તો ક્યારેક મને સીધા વીડિયો પ્રસારણ દ્વારા આયોજિત સિદ્ધયોગ સત્સંગમાં કંઈક બોલવાનો સુઅવસર મળે છે. ક્યારેક મને યુવાઓ સાથે મીટિંગ કરીને તેમને એ સમજાવવાનો અવસર મળે છે કે આશ્રમમાં સેવા કરવાનો અર્થ શું છે. અને ક્યારેક મને વરિષ્ઠ સ્ટાફ-સદસ્યોને મળીને તેમની પાસેથી જુદાંજુદાં સેવા સંબંધિત વિષયો અને કાર્યોના ઇતિહાસ વિશે જાણવાનો અવસર મળે છે, જેથી કોઈ સેવાકાર્યને ભવિષ્યમાં કેવી રીતે આગળ વધારવું તે હું વધારે સારી રીતે સમજી શકું.

ક્યારેક મને બરાબર રીતે કામ ન કરતાં કોમ્પ્યુટરોનું સમારકામ કરવાનો અવસર મળે છે. ક્યારેક પાણી ટપકતું હોય તો તેને ઠીક કરવાની સેવા મળે છે. ક્યારેક મને સ્વામી અખંડાનંદ દ્વારા સંચાલિત ધ્યાનની વર્કશોપમાં ભાગ લેવાનો અવસર મળે છે. ક્યારેક મને મંદિરમાં આરતીની સેવા કરવાનો સુઅવસર મળે છે. અને ક્યારેક મને ચાર વર્ષના રોહિતની સંભાળ રાખવાનો અવસર મળે છે; જે તેનાં માતાપિતા સાથે આશ્રમમાં રહે છે અને તેનાં માતાપિતા તેમના નિયુક્ત વિભાગોમાં સેવા અર્પિત કરે છે.

આનાથી તમને એ ઝલક મળી ગઈ હશે કે શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવાના અદ્ભુત જગતમાં મારો દિવસ કેવો હોય છે. મેં સાંભળ્યું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ગુરુમાઈજીએ સિદ્ધયોગ આશ્રમોના મેનેજરો અને વિભાગ-પ્રમુખોને એ સુનિશ્ચિત કરવા માટે કહ્યું છે કે યુવાઓને જુદાંજુદાં ક્ષેત્રોમાં સેવા કરવાની તક આપવામાં આવે. આ રીતે તેઓ જુદાંજુદાં કૌશલ્યો શીખે છે; તેઓ પોતાની પ્રતિભા અને ક્ષમતામાં વધારે કુશળતા પ્રાપ્ત કરે છે. તેમને સિદ્ધયોગ મિશન અને તેમાં જે પણ સમાહિત છે, તેનું વધારે વ્યાપક ચિત્ર જોવા મળે છે. આ ઉપરાંત, ભવિષ્યમાં જ્યારે તેઓ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં સેવા કરીને પાછા ઘરે જાય છે તો તેઓ કોઈપણ કાર્યમાં સફળ થવા માટે પૂરી રીતે સજ્જ હોય છે.

હવે, શિયાળાની ઋતુના વિષય પર પાછા ફરીએ : વર્ષ ૨૦૨૨માં, ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં એક સાંજે, મને શ્રીગુરુમાઈનો એક સંદેશ પ્રાપ્ત થયો કે અનુગ્રહ બિલ્ડિંગની સામે, શિવ નટરાજની મૂર્તિની સમક્ષ અગ્નિકુંડમાં અતિશય બરફ જમા થઈ ગયો છે. આ બરફ જોવામાં બહુ ખરાબ લાગતો હતો અને તેને આપમેળે પીગળવામાં કેટલો સમય લાગશે એ કહેવું મુશ્કેલ હતું, ખાસ કરીને એટલા માટે કારણ કે એ સમયે ભરશિયાળો ચાલી રહ્યો હતો. બરફને જલ્દી પીગાળવા માટે કંઈક કરવું જરૂરી હતું. એટલા માટે, ગુરુમાઈજીએ મને કહ્યું કે હું બીજા દિવસે એ અગ્નિકુંડમાં અગ્નિ પ્રગટાવું.

તેથી બીજા દિવસે સવારે, સૌથી પહેલા હું શિવ નટરાજની મૂર્તિ પાસે ગયો અને મેં અગ્નિ પ્રગટાવવાનું શરૂ કર્યું. જ્યારે મેં જોયું કે બરફના થર કેટલા જાડા છે તો મને સ્પષ્ટ થઈ ગયું કે તેને પીગાળવા માટે ઘણો મોટો અગ્નિ કરવો પડશે. મેં અગ્નિ પ્રજ્વલિત કર્યો અને પછી એકાદ કલાક સુધી, તેમાં એક પછી એક લાકડાનાં મોટા-મોટા ટુકડાઓ નાખીને તેનું ધ્યાન રાખતો રહ્યો. અગ્નિની જ્વાળાઓ વધુને વધુ મોટી, ઊંચી અને પ્રચંડ થતી ગઈ અને અગ્નિકુંડની પાળી કરતાં લગભગ ત્રણ-ચાર ફૂટ ઉપર સુધી ઊઠવા લાગી. આ દૃશ્યને જોવું, તેનો હિસ્સો બનવું ખૂબ જ રોમાંચકારી હતું. વાદળોથી આચ્છાદિત શિયાળાની એ સવારે, જ્યારે બધું નિદ્રાધીન હતું અને જમીન આછા સફેદ, રાખોડી અથવા ભૂરા રંગની હતી ત્યારે આગની જ્વાળાઓ ચમકતા પીળા-કેસરી રંગની દેખાઈ રહી હતી તેમજ અત્યંત પ્રબળતાથી ઉપર ઊઠીને તડતડના અવાજ સાથે નૃત્ય કરી રહી હતી.

જ્યારે પણ હું કોઈ સેવાકાર્યને સફળતાપૂર્વક પૂરું કરી લઉં છું ત્યારે મને એક વિશેષ શાંતિનો અનુભવ થાય છે, અંતરમાં એક કલ્યાણકારી ઉપસ્થિતિનો અનુભવ થાય છે. હું બરફને પીગળતા જોઈ રહ્યો હતો ત્યારે પણ મને આવો જ અનુભવ થઈ રહ્યો હતો. ગુરુમાઈજી મને જે કરવાનું કહે, તે કાર્યને પૂરું કરી લીધા પછી મારા મનમાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તેની તુલના બીજી કોઈ વસ્તુ સાથે કરી શકાતી નથી. ગુરુમાઈજીના નિર્દેશનું પાલન કરવાથી મને એ સુઅવસર પણ મળ્યો કે હું આ રીતે બરફ અને અગ્નિથી ઘેરાયેલા શિવ નટરાજનું સન્માન થતા જોઈ શકું. ભગવાન શિવને બંને પ્રિય છે.

જ્યારે હું આગ વધારી રહ્યો હતો ત્યારે મારી વાતચીત ત્રણ જુદાજુદા સ્ટાફ સદસ્યો સાથે થઈ, જેઓ જુદાજુદા સમયે શિવ નટરાજની મૂર્તિ પાસેથી પોતાની ઓફિસ તરફ જઈ રહ્યા હતા. તેમાંથી દરેક વ્યક્તિએ આ અદ્ભુત

અગ્નિ પાસે થોડીવાર ઊભા રહીને મને પૂછ્યું, "શું આજે કોઈ તહેવાર છે?" એ બધાના પ્રશ્નોના જવાબમાં મેં બસ એટલું જ કહ્યું, "ના."

એ સવારે પછીથી, અનુગ્રહની લૉબીમાં ગુરુમાઈજીનાં દર્શન કરીને મને ખૂબ જ ખુશી થઈ. મેં ગુરુમાઈજીને એ કહેવાનું નક્કી કર્યું કે મેં એ દિવસે સવારે શિવ નટરાજ પાસે અગ્નિ પ્રજ્વલિત કર્યો હતો અને મારે એ અગ્નિને વધારતા રહેવું પડ્યું જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે બધો બરફ પીગળી જાય.

ગુરુમાઈજીએ સ્મિત કર્યું અને કહ્યું, "એ કરવા માટે ધન્યવાદ, જય. શિયાળાની ઋતુમાં પણ સામાન્ય રીતે શિવ નટરાજની સામે અગ્નિ પ્રજ્વલિત રહે છે, ખાસ કરીને મહાશિવરાત્રિના સમયે. એવું લાગે છે કે હવે અગ્નિકુંડની દેખરેખ કોઈ નથી રાખી રહ્યું."

હું જે કહી રહ્યો હતો તેમાં ગુરુમાઈજી ખૂબ જ રુચિ લઈ રહ્યાં હતાં અને તેમણે મને અગ્નિકુંડના મહત્ત્વ વિશે પણ સમજાવ્યું હતું, એટલા માટે મેં વિચાર્યું કે હું ગુરુમાઈજીને એ ત્રણેય સ્ટાફ સદસ્યો વિશે જણાવું જેમણે મને પૂછ્યું હતું કે શું એ દિવસે કોઈ તહેવાર છે. ખબર નહીં મેં ગુરુમાઈજીને આ વાત કેમ કહી; બસ એ ક્ષણે મને એ વાત યાદ આવી તો મેં કહી દીધી.

જ્યારે મેં ગુરુમાઈજીને આ વાત કહી તો લાગ્યું કે તેઓ ખૂબ જ ધ્યાનથી સાંભળી રહ્યાં છે. તેમણે તરત જ પૂછ્યું, "તેં એમને શું જવાબ આપ્યો?"

ગુરુમાઈજીનો પ્રશ્ન સાંભળીને મને આશ્ચર્ય થયું કારણ કે આની પહેલાં મેં મારા જવાબના મહત્ત્વ વિશે વિચાર્યું નહોતું. તેથી મેં ગુરુમાઈજીને બસ એટલું જ કહ્યું, "મેં ના પાડી."

ગુરુમાઈજીને વિશ્વાસ નહોતો થઈ રહ્યો. તેમણે પૂછ્યું, "તેં એમને ના પાડી? બસ એટલું જ? તેં એમને ના પાડી?"

મેં કહ્યું, "હા, મેં બસ એટલું જ કહ્યું. બીજું કંઈ નહીં."

ગુરુમાઈજીએ મને કહ્યું, "સારું જય, આજે તું કંઈક અમૂલ્ય શીખવાનો છે."

જ્યારે ગુરુમાઈજીએ આ કહ્યું તો મારા કાન ઊંચા થઈ ગયા. ગુરુમાઈજી મને જે કહેવાનાં હતાં, તે સાંભળવા માટે હું ખૂબ જ ઉત્સુક હતો.

ગુરુમાઈજીએ કહ્યું, "જય, તું આ વાતને થોડી જુદી રીતે કહી શક્યો હોત. જ્યારે એ લોકોએ તને પૂછ્યું કે શું આજે કોઈ તહેવાર છે તો ફક્ત "ના" કહેવાને બદલે તું ઉત્સાહ સાથે કહી શકતો હતો, 'હા! આજે તહેવારનો દિવસ છે! સિદ્ધયોગ પથ પર, દરેક દિવસ તહેવારનો દિવસ હોય છે. દરેક દિવસ ભગવાનનો દિવસ હોય છે. દરેક દિવસ ભગવાનની પૂજા કરવાનો દિવસ હોય છે!' "

ગુરુમાઈજીએ જણાવ્યું કે સૌપ્રથમ સન ૧૯૯૩માં શિવ નટરાજની સમક્ષ આ અગ્નિકુંડ બનાવવામાં આવ્યો હતો અને તેના પછી ઘણાં વર્ષો સુધી દરરોજ ભગવાન શિવની સમક્ષ પવિત્ર અગ્નિને પ્રજ્વલિત કરવામાં આવતો હતો. અને હવે, ભલે દરરોજ ભૌતિક રૂપથી અગ્નિ પ્રજ્વલિત કરવામાં ન આવતો હોય, તોપણ એ પવિત્રતા, પૂજા કરવાનો સંકલ્પ હંમેશાં રહેવો જોઈએ. એટલું જ નહીં, શિવ નટરાજની મૂર્તિ આશ્રમના અગ્રભાગને સુશોભિત કરી રહી છે. એટલા માટે, આશ્રમમાં સેવા કરનારાં બધાં લોકોને એ જાગરૂકતા હોવી જ જોઈએ કે આ સ્થાન પર ભગવાનની શક્તિ જીવંત છે.

ગુરુમાઈજીએ મને આગળ સમજાવ્યું, “જય, જો તું જવાબમાં એવું કહે, ‘દરેક દિવસ ભગવાનનો દિવસ હોય છે,’ તો જેઓ વર્ષોથી શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા કરી રહ્યાં છે તેમને પણ આ વાત યાદ રહેશે. કેટલીકવાર એવું થાય છે કે આ આશ્રમમાં પણ લોકો દૈનિક પૂજાનો ઉદ્દેશ્ય ભૂલી જાય છે, ભલે દીવો પ્રગટાવવાનો હોય અથવા એક મીણબત્તી સળગાવવાની હોય અથવા શિવ નટરાજની સામે અગ્નિ પ્રજ્વલિત કરવાનો હોય. જો તું તેમના પ્રશ્નોનો જવાબ ઉત્સાહથી આપે અને તેમને સાચી વાત જણાવે તો આ વાત એ બધાં લોકોને યાદ રહેશે જેઓ વિચારે છે કે પ્રજ્વલિત અગ્નિનો અર્થ માત્ર એ જ હોઈ શકે કે તે દિવસે કોઈ ‘વિશેષ પ્રસંગ’ કે ‘વિશેષ તહેવાર’ છે.”

ગુરુમાઈજીને સાંભળતી વખતે, હું ખૂબ જ ધન્યતાનો ભાવ મહસૂસ કરી રહ્યો હતો. હું સમજી ગયો કે મને ગુરુમાઈજીની શિખામણો પ્રાપ્ત થઈ છે અને મેં ખૂબ જ પ્રેમથી તેને અપનાવી લીધી.

મને એ પણ સમજાયું કે ગુરુમાઈજીએ મને જે કરવા માટે કહ્યું હતું તે કરીને હું પૂજાની પ્રાચીન પરંપરામાં ભાગ લઈ રહ્યો હતો — એ પરંપરા જેમાં દેવતાની મહાન શક્તિનું સન્માન કરવા માટે અને તેઓ જે આશીર્વાદો પ્રદાન કરે છે તેનું આવાહન કરવા માટે તેમની સમક્ષ જ્યોત પ્રજ્વલિત કરવામાં આવે છે. મને યાદ આવ્યું કે અનેક અવસરો પર મેં ગુરુમાઈજીને આ અગ્નિકુંડમાં આહુતિઓ અર્પિત કરતા જોયા છે. વાસ્તવમાં, ગુરુમાઈજીનો અગ્નિમાં આહુતિઓ અર્પિત કરવા વિશેનો મારો પ્રિય વૃતાંત સિદ્ધયોગ પથની વેબસાઇટ પર આપવામાં આવ્યો છે. આ એ પ્રસંગ હતો જ્યારે ગુરુમાઈજીએ વર્ષ ૨૦૧૫માં તેમના જન્મદિવસ મહોત્સવ પર શિવ નટરાજની સમક્ષ અગ્નિમાં આહુતિઓ અર્પિત કરી હતી.

મને બીજી પણ એક મહત્ત્વપૂર્ણ સમજ પ્રાપ્ત થઈ : એ દિવસે સવારે શિવ નટરાજની સમક્ષ અને ગુરુમાઈજીનાં દર્શન કરતી વખતે જે પણ ઘટિત થયું, તેનાથી મને શ્રીગુરુના શબ્દોની શક્તિ પ્રત્યે મારા બોધને વધારવામાં મદદ મળી હતી. શ્રીગુરુનો પ્રત્યેક શબ્દ આપણને ઉચ્ચતર સમજ પ્રદાન કરે છે અને સાધનાના ઉદ્દેશ્ય તરફ આગળ વધવાનો માર્ગ બતાવે છે, ભલે એ શબ્દ કેટલીકવાર ઘણો સીધોસાદો કેમ ન લાગે. મારી વાત કરું તો ગુરુમાઈજીએ મને બસ એટલું જ કહ્યું હતું, “બરફને પીગાળવા માટે અગ્નિ પ્રજ્વલિત કર.” અને મને એક મશાલ મળી ગઈ, જે મારા આખા જીવનને પ્રકાશિત કરશે.

***

ફેબ્રુઆરીમાં એ સવારે અગ્નિ પ્રજ્વલિત કરીને બરફ પીગાળવાનો એક અનપેક્ષિત લાભ એ થયો કે શિવ નટરાજની પૂજા ફરીથી નિયમિતરૂપે થવા લાગી. ગુરુમાઈજીના નિર્દેશ પ્રમાણે, આ વસંતઋતુની શરૂઆતથી એક અન્ય સેવાકર્તા દરરોજ સવારે શિવ નટરાજ સમક્ષ અગ્નિ પ્રજ્વલિત કરી રહ્યો છે.

ગુરુમાઈજી પાસેથી મને જે શિખામણ પ્રાપ્ત થઈ, તેનાથી મેં બીજા પણ ઘણા લાભોને ઉજાગર થતા જોયા છે. અહીં તેનું એક ઉદાહરણ છે.

આ વર્ષે એકવાર મેં શ્રી મુક્તાનંદ આશ્રમની એક અન્ય વરિષ્ઠ સ્ટાફ-સદસ્યાને આ દિવ્ય પ્રસંગ સંભળાવ્યો, મેં જોયું છે કે તેઓ સિદ્ધયોગની શિખામણોમાં લીન રહે છે અને સેવા પ્રત્યે તેમની વચનબદ્ધતા માટે મારા મનમાં હંમેશાં ખૂબ પ્રશંસાનો ભાવ રહે છે. અગ્નિકુંડ પાસે જે થયું અને ગુરુમાઈજીએ મને જે શિખામણો પ્રદાન કરી તેના વિશે જ્યારે મેં તેમને વાત કરી તો એ સાંભળીને તેમની આંખોમાં એક ચમક આવી ગઈ. પછી તેમણે મને એક વાર્તા કહી જે ગુરુમાઈજીએ ઘણાં વર્ષો પહેલાં તેમને કહી હતી. આ વાર્તા અમેરિકાના મૂળનિવાસીઓની પરંપરાથી છે અને તેને “Song of Life” (સોંગ ઓફ લાઇફ એટલે કે ‘જીવનનું ગીત’) કહેવામાં આવે છે.

આ વાર્તાનો મુખ્ય સાર એ છે કે દરેક વ્યક્તિના આત્માના જીવનનું એક ગીત હોય છે, એક વિશેષ સ્પંદન હોય છે જે એ વ્યક્તિના અનોખા ચરિત્રને ધારણ કરે છે અને વ્યક્ત કરે છે. આ પરંપરામાં, બાળક જન્મે તે પહેલાં એ બાળકના જીવનના ગીતને જાણવા માટે એ સમુદાયનાં લોકો ભેગાં મળીને પ્રાર્થના અને ધ્યાન કરે છે. જ્યારે તેઓ આ બાળકના આત્મા સાથે જોડાઈ જાય છે ત્યારે તેમને એ ગીત મળી જાય છે અને પછી તેઓ એ જ ગીત સગર્ભા સ્ત્રી અને તેના અજન્મા બાળકને ગાઈને સંભળાવે છે. બાળકના જીવન દરમ્યાન મહત્ત્વપૂર્ણ સમયે સમુદાયનાં લોકો તેની આસપાસ ભેગાં થાય છે અને બાળકને તેના પોતાના સાચા અને અનોખા સ્વભાવનું સ્મરણ કરાવવા માટે તેને તેના જીવનનું ગીત ગાઈને સંભળાવે છે.

જ્યારે એ સ્ટાફ-સદસ્યાએ મને આ વાર્તા સંભળાવી, તો હું સમજી ગયો કે સિદ્ધયોગ પથ પર એકબીજાને પોતાના અનુભવ, અંતર્દષ્ટિ કે સમજ વિશે જણાવવું કેટલું શક્તિપૂરિત છે. મેં ગુરુમાઈજીની આજ્ઞાનું પાલન કરવાનો મારો અનુભવ કહ્યો તેથી મને પ્રજ્ઞાનની વધુ એક ભેટ પ્રાપ્ત થઈ.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.